# ઈઝબેલ – સૌથી વધારે કુખ્યાત સ્ત્રી

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલના ઉત્તર ભાગમાં શમરૂન રાજ્ય સ્થાપી ત્યાં રાજ્ય કરનાર ઓમરીના મૃત્યુ પછી એમનો દીકરો આહાબ બિન ઓમરી ઈસાયલની ગાદીએ આવ્યો. તેણે સિદોનના રાજા અથબાલની કુંવરી ઈઝબેલ સાથે લગ્ન કર્યું. એમ એક વિધર્મી રાજાની કુંવરી ઈઝબેલ ઈસાયલના રાજાની પત્ની અને રાણી બની. પછી તે પોતાના પુત્ર અહઝિયા રાજાના રાજમાતા અને પોતાના પૌત્ર રાજાઓની દાદી પણ બની. આ બધો વખત રાજગાદી પાછળની ખરી સત્તા ઈઝબેલે પોતાની પાસે જમાવી હતી.

ઈઝબેલે પોતાના પતિ આહાબ ઉપર જ નહિ પણ પૂરા રાજ્ય ઉપર પોતાની નિરંકુશ રાજયસત્તા ચલાવી. તેણે ઈસાયલી પ્રજાને એની શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવાના બધા પ્રયત્ન કર્યા. એમાં ખૂનથી માંડી ગમે તે અનિષ્ટ આચરવા પણ એ તૈયાર રહેતી. એટલે માત્ર બાઈબલાં જ નહિ બલકે અંગ્રેજી સાહિત્યમાં પણ ઈઝબેલનું નામ ક્રૂરતમ અનિષ્ટના પર્યાય તરીકે ગણાય છે અને લેડી મેકબેથની હરોળમાં ઈઝબેલનું નામ લેવાય છે.

ઈ.સ. પૂર્વે 869માં ઈઝબેલ ઈસાયલના શમરૂન રાજ્યમાં રાજા આહાબની પત્ની તરીકે સૌ પ્રથમ વાર આવી ત્યારે તે પોતાના કુળના બાલદેવની ભક્તિ અને બાળકોને હોમવાની પૂજાવિધિ પણ સાથે લાવી હતી. બાઈબલ નોંધે છે કે, "તેણે શમરૂનમાં બાલદેવ માટે એક મંદિર બંધાવી તેમાં તેને માટે વેદી ચણાવી. આહાબે અશેરાદેવીનું પણ એક પ્રતીક ઊભું કર્યું અને બીજા પાપો પણ આચરી તેની પહેલાંના ઈસાયલના બધા રાજાઓ કરતાં પણ ઈસાયલના ઈશ્વર પ્રભુનો રોષ વધુ વહોરી લીધો. એના સમયમાં બેથેલના હિયેલે યરીખો ફરી બંધાવ્યુઃ પોતાના સૌથી મોટા પુત્ર અબિરામનો ભોગ આપાને તેણે તેનો પાયો નાખ્યો અને પોતાની સૌથી નાના પુત્ર સગુબનો ભોગ આપીને તેણે તેના દરવાજાઓ ઊભા કર્યા."

ઈઝબેલ પોતાના બાલદેવની પૂજાને આખા ઈસાયલમાં ફેલાવવામાં ફેલાવવાના પ્રયત્નમાં એક બાજુ બાલના ચારસો પચ્ચાસ નબીઓને રોખતી હતી તો બીજીબાજુ સાચા પ્રભુના નબીઓને રહેંસી નાખતી હતી. ઈસાયલીઓના પ્રભુના એક જ નબી એલિયા જ ઈઝબેલના હાથમાંથી બચવા પામ્યા હતા. પ્રભુના કહેવાથી જીવ લઈને શમરૂનથી ભાગી છૂટેલા પયગંબર એલિયા પ્રભુથી પ્રેરાઈને શમરૂનમાં પાછા આવીને આહાબને કહે છે. "હવે બધા ઈસાયલીઓને કામેર્લ પર્વત ઉપર મારી સમક્ષ તેડાવી મંગાવ અને બાલના ચારસો પચાસ તેમજ ઈઝબેલનું અન્ન ખાનાર અશેરાદેવીના ચારસો નબીઓને પણ તેડાવ."

આહાબે કામેર્લ પર્વત ઉપર ભેગા કરેલા બધા ઈસાલીઓને અને નબીઓને સંબોધીને એલિયાએ કહ્યું, "તમે ક્યાં સુધી દૂધમાં અને દહીમાં પગ રાખ્યા કરશો? જો પ્રભુ ઈશ્વર હોય તો તેની પૂજા કરો, જો બાલ ઈશ્વર હોય તો તોની પૂજા કરો" પણ કોઈ એક અક્ષરે બોલ્યું નહિ. પછી એલિયાએ તેમને કહ્યું, "પ્રભુના નબીઓમાંથી એક હું જ એકલો રહ્યો છું. જ્યારે બાલના તો ચારસો ને પચાસ છે. બે વાછડા લઈ

આવો. તેઓ એક વાછડો પસંદ કરે અને તેને વધેરીને લાકડાં ઉપર મૂકે, પણ અગ્નિ ન પેટાવે. બીજા વાછરડાને હું યજ્ઞ માટે તૈયાર કરીને લાકડાં ઉપર મૂકું, પણ અગ્નિ નહિ પેટાવું. તમારા દેવનું આહ્વાન કરવું અને હું પ્રભુને આહ્વાન કરું. જે દેવ અગ્નિ પેટાવીને જવાબ આપે તે સાચો ઈશ્વર."

પછી એલિયાના આદેશ મુજબ બાલના નબીઓએ બળદને લઈને ધરાવ્યો અને સવારથી છેક સંધ્યાબલા સમય સુધી બાલનું નામ લીધા કર્યું. પણ ન કંઈ અવાજ સંભળાયો, ન કંઈ જવાબ મળ્યો.

ત્યારબાદ એલિયાએ પ્રભુની વેદી બાંધી, લાકડાં ગોઠવ્યા, બળદ વધેર્યાં. સંધ્યાબલિના સમયે નબી એલિયાએ પ્રાર્થના કરી કે તરત જ પ્રભુનો અગ્નિ અવતર્યો અને તે આહુતિને ભરખી ગયો. આ જોઈને બધા લોકો લાંબા થઈને પગે લાગ્યા અને બોલી ઊઠયા. "પ્રભુ જ પરમેશ્વર છે. પ્રભુ જ પરમેશ્વર છે."

એલિયાનો વિજય અને પોતાના નબીઓની નામોશીભરી હાર વિશે ઈઝબેલે આહાબ પાસેથી જાણ્યું ત્યારે ખૂબ ગુસ્સે થઈને તેણે એલિયાને સંદેશ મોકલાવ્યો કે, "હું તમારા પ્રાણ આવતી કાલે આ ઘડી સુધીમાં ન લઉં, તો દેવો મારી બૂરી હાલત કરે." એલિયા ડરી ગયો અને જીવ લઈને નાઠો.

દરમિયાન એવું બન્યું કે, નાબોથ નામના માણસનો દ્રાક્ષનો બગીચો ઈસાયલી શમરૂનના રાજા આહાબના મહેલની બાજુમાં આવેલો હતો. આહાબે નાબોથને કહ્યું, "તારો દ્રાક્ષનો બગીચો મારા મહેલને અડીને આવેલો છે. તું મને વાડી બનાવવા માટે આપી દે." પણ નાબોથે પોતાના બાપદાદાથી ઊતરી આવેલી જમીન રાજાને આપવાની ચોખ્ખી ના પાડી દીધી.

નાબોથના જવાબથી આહાબ ઉદાસ અને ગુસ્સે થઈ ઘરે ગયા. આહાબ અને નાબોથ વચ્ચેની વાત જાણીને ઈઝબેલે નાબોથનો બગીચો આગાબને મેળવી આપવાનું કાવતરું રચ્યું એણે નાબોથ ઉપર પરમેશ્વરને અને રાજાને શાપ આપવાનો આરોપ મુકાવીને ઈસાયલના આગેવાનો અને વડીલો પાસે નાબોથને ઈંટાળી કરીને મારી નંખાવડાવ્યો.

નાબોથને મારી નાખ્યાના સમાચાર મળતાં ઈઝબેસે આહાબને નાબોથના બગીચાનો કબજો લેવા મોકલ્યો. નાબોથના બગીચામાં પ્રભુના આદેશથી એલિયા પણ પહોંચીને આહાબને મળ્યા અને પ્રભુનાં વચનો સંભળાવ્યાં કે, "હું તારે માથે આફત ઉતારીશ, હું તારા કુટુંબને સાફ કરી નાખીશ..." પ્રભુએ ઈઝબેલ વિશે પણ વાણી ઉચ્ચારી કે, "ઈઝરેલની ભાગોળમાં કૂતરાંઓ ઈઝબેલને ફાડી ખાશે. આહાબના કુટુંબનાં જે માણસો શહેરમાં મરણ પામશે તેમને કૂતરાં ખાઈ જશે અને જેઓ વગડામાં મરણ પામશે તેમને પંખીઓ ખાઈ જશે."

ઈઝબેલ આહાબના મૃત્યુ પછી વધુ દસ વર્ષ રાજમાતા તરીકે જીવી. આહાબ પછી ઈઝબેલનો બીજો દીકરો અહઝિયા ગાદીએ આવ્યો. બે વર્ષ પછી અહઝિયા મૃત્યુ પામ્યો ત્યારે તેનો ભાઈ યહોરામ ગાદીએ આવ્યો. ઈસાયલના રાજા યહોરામ બિન આહાબના રાજ્યાના બારમા વર્ષે અહઝિયા બિન યહોરામ યહૂદાનો રાજા થયો. યહૂદાના અને શમરૂનના બંને રાજાઓએ આહાબના કુટુંબ સાથેના સંબંધથી પ્રેરાઈને પ્રભુની નજરમાં ખોટું ગણાય એવું આચરણ કર્યું. આથી નબી એલિયાએ એક તરુણ નબીને મોકલીને એક ખડતલ સેનાપતિ યહૂને પ્રભુના લોકો ઈસાયલીઓના રાજા તરીકે તેલ રેડીને તેનો અભિષેક કરાવ્યો. યહૂ બંને રાજાઓને નાબોથા બગીચામાં મારી નાખીને ઈસાયલ પહોંચી ગયો.

હવે ઈઝબેલને બીજા બધા કરતાં ક્રૂરમાં ક્રૂર મૃત્યુ મળે છે. બાઈબલના સંપાદકોએ એના પાત્ર પ્રત્યે અણગમાની લાગણી અનુભવી હશે કે તેમણે દુશ્મનના દુઃખમાં આનંદ માણતાં લોકોની જેમ જ ઈઝબેલના મૃત્યુનું વર્ણન કર્યું છે.

“યેહૂ ઈઝરેલ પહોંચી ગયો. ઈઝબેલને બધી વાતને જાણ થઈ હતી. તેણે આંખે કાજળ આંજ્યું, માથું ઓળ્યું અને પછી તે બારીએ જઈને ઊભી. જેવો યેહૂ દરવાજામાં દાખલ થયો કે તરત જ તે બોલી, ઓ ઝીમરી, તારા માલિકના ખૂની ! તું શાંતિને ઈરાદે આવ્યો છે ? યેહૂદે બારી ભણી ઊંચે જોયું અને કહ્યું, મારા પક્ષે કોણ છે, કોઈ છે ? બે ત્રણ અમલદારોએ ઉપરથી તેના તરફ જોયુઃ એટલે તે બોલ્યો, એને નીચે નાખો. તે લોકોએ તેને નીચે નાખી દીધી અને દીવાલો અને ઘોડા તેના લોહીથી છંટાઈ ગયાઃ ઘોડાઓએ તેને પગ તળે કચડી નાખી. પછી યેહૂએ ઘરમાં જઈને ખાદ્યુંપીદ્યું અને કહ્યું, આ કમભાગી સ્ત્રીની સંભાળ લોઃ તેને દફનાવો, કારણ , ગમે તેમ તોય તે એક રાજાની દીકરી છે. પણ તેઓ દફનાવવા ગયા ત્યારે તેની ખોપરી, પગ અને હથેળી સિવાય બીજું કશું હાથ ન આવ્યું. તેમણે પાછા આવીને યેહૂને વાત કરી ત્યારે તે બોલ્યો, પ્રભુએ પોતાના સેવક તિશ્બેના એલિયા મારફતે ઉચ્ચારેલાં આ વચન છેઃ ઈઝરેલની ભૂમિમાં કૂતરાં ઈઝબેલનું માંસ ખાશે, ઈઝબેલનું શબ ઈઝરેલની ભૂમિ ઉપર ફેલાયેલી વિષ્ટા જેવું હશે અને કોઈ ઓળખી શકે કે આ ઈઝબેલ છે.”

યહૂદી પ્રજાના માનસ પર એક કુખ્યાત પાત્ર તરીકે ઈઝબેલની ખૂબ ઊંડી અસર ઝિલાઈ છે. એનો અણસાર આપણને બાઈબલના છેલ્લા ગ્રંથ “દર્શનમાં” કરેલા ઈઝબેલ ઉલ્લેખથી મળે છે. તે ઉલ્લેખ અહીં પ્રસ્તુત છેઃ “પણ તારી વિરુદ્ધ મારે એ કહેવાનું છે કે, તું પેલી બાઈ ઈઝબેલને વેઠી લે છે, જે પોતાના પયગંબર કહેવડાવે છે અને પોતાના ઉપદેશથી મારા સેવકોને આડે માર્ગે દોરી વ્યભિચાર છોડી દઈ જીવનપલટો કરવાની ના પાડે છે.”

ઈઝબેલ અપકીર્તિ માટે એટલી બધી કુખ્યાત બની કે એનું નામ શબ્દકોશમાં પણ જોવા મળે છે કે, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના મોડર્ન અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશમાં ઈઝબેલનો અર્થ છે કે, “છોડી દીધેલ – નફફટ-મોઢું રંગનારી-સ્ત્રી,” ઈતિહાસમાં ઈઝબેલ ખૂબ દુષ્ટ અને દુરાચારી સ્ત્રીનો પર્યાય બની રહી.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-05-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 16-05-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007